# આદિમાનવ આદમ અને હાવા

## ફાધર વર્ગીસ પોલ

માનવજાતના આદિમાનવ તરીકે ઓળખાતા આદમ અને હાવા બાઈબલમાં ભગવાન ઈસુ અને એમના શિષ્યોને બાદ કરતાં સૌથી વધારે જાણીતાં પાત્રો કહી શકાય. એટલે જ અંગ્રેજી અને બીજાં ઘણાં પ્રાચીન સાહિત્યોમાં આદમ અને હાવાના સમગ્ર માનવજાતનાં માતાપિતા તરીકે અને બધા માણસોને આદમ અને હાવાનાં સંતાનો તરીકેના ઘણા ઉલ્લેખો મળે છે.

બાઈબલના પ્રથમ ગ્રંથ ઉત્પત્તિમાં આવતી સર્જનની વાતમાં આદમ અને હાવાને ઈશ્વરની સર્વશ્રેષ્ઠ સૃષ્ટિ તરીકે ઈશ્વરની પ્રતિમૂર્તિ સમા સર્જ્યાની વાત છે. “આથી ઈશ્વરે પોતાની પ્રતિમૂર્તિરૂપે માણસને પેદા કર્યો. પોતાની પ્રતિમૂર્તિરૂપે ઈશ્વરે એને પેદા કર્યો. તેણે માણસોને સ્ત્રી અને પુરુષ બનાવ્યાં પછી ઈશ્વરે તેમને આશીર્વાદ આપ્યા. તેમને કહ્યું, સંતતિ પેદા કરો, વંશવેલો વધારો, પૃથ્વીને ભરી દો અને તેને તાબે કરો.”

આ રીતે માણસોને “સ્ત્રી અને પુરુષ” તરીકે બનાવ્યાંની વાત પછી ફરી બીજા જ અધ્યાયમાં માણસના સર્જનની એક બીજું વર્ણ આપણને મળે છે. “પછી પ્રભુ પરમેશ્વરે ધરતીની માટીમાંથી માણસ ઘડયો અને તેનાં નસકોરામાં પ્રાણ ફૂંક્યો એટલે માણસમાં જીવ આવ્યો.” પછી પ્રભુ પરમેશ્વરે કહ્યું. “માણસ એકલો રહે એ સારું નથી. હું એને માટે લાયક એક મદદ કરનાર બનાવીશ. પછી પ્રભુ પરમેશ્વરે ધરતીમાંથી સર્જેલાં બધી જાતનાં જંગલી પ્રાણીઓ અને બધી જાતનાં આકાશનાં પંખીઓ બતાવ્યાં. પણ માણસને પોતાને માટે લાયક કોઈ મદદગાર મળ્યું નહિ. ” અહીં ભગવાનની સમગ્ર સૃષ્ટિમાં માણસ સર્વશ્રેષ્ઠ સર્જન છે એનો આપણને ખ્યાલ આવે છે. પ્રાણી જગતનો કોઈ જીવ માણસના તોલે ન આવે. એટલે જ ભગવાને સર્જેલ બધાં પ્રાણીઓમાં “માણસને લાયક કોઈ મદદગાર મળ્યું નહિ.”

બાઈબલ આગળ જણાવે છે કે, માણસને લાયક મદદગાર તરીકે ભગવાને સ્ત્રી સર્જી. “એટલે પ્રભુ પરમેશ્વર ગાઢ ઊંઘમાં નાખી દીધો, અને તે ઊંઘતો હતો ત્યારે તેની એક પાંસળી કાઢી લીધી અને તેની જગ્યા માંસથી પૂરી દીધી. પછી માણસમાંથી જે પાસંળી કાઢી લીધી હતી તેમાંથી એક સ્ત્રી બનાવીને પ્રભુ પરમેશ્વર તેને માણસ આગળ લઈ આવ્યો. એટલે માણસ બોલી ઊઠયોઃ આ તો મારા હાડમાંનું હાડ છે અને મારા માંસમાંનું માંસ છે. એ નારી કહેવાશે, કારણ, એને નરમાંથી કાઢવામાં આવેલી છે. આ જ કારણથી પુરુષ પોતાનાં માબાપને છોડી જાય છે અને પોતાની પત્નીને વળગી રહે છે, અને તે બંને એક બની જાય છે.”

આમ, આદિમાનવ આદમ અને હાવાના સર્જનની બંને વાતોમાં કેટલીક બાબતો સ્પષ્ટ છે. એક, ભગવાને માણસને સર્જ્યા છે. બે ભગવાને પોતાની જ પ્રતિમૂર્તિરૂપ માણસને સર્જ્યા છે. ત્રણ, ભગવાને માણસને શરીર અને આત્મરૂપ ઘડ્યા છે. “પરમેશ્વરે ધરતીની માટીમાંથઈ માણસ ઘડયો અને તેનાં નકસકોરાંમાં પ્રાણ ફૂંક્યો. એટલે માણસમાં જીવ આવ્યો.” ચાર, ભગવાને

માણસોને સ્ત્રી અને પુરુષ બનાવ્યાં છે. પાંચ, બને સ્ત્રી અને પુરુષ ભગવાન આગળ સમાન છે. કારણ, બંનેનું સર્જન ખુદ ભગવાનનું પ્રતિમૂર્તિરૂપ છે.

બંને સ્ત્રી અને પુરુષ એકબીજાથી જાતિય ભિન્નતા ધરાવે છે. છતાં એ ભિન્નતામાં સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક તરીકે બનાવ્યાં છે. એટલે જ બાઈબલ કહે છે કે, "પુરુષ પોતાનાં માબાપને છોડી જાય છે અને પોતાની પત્નીને વળગી રહે છે. અને તે ને એક બની જાય છે." સાત, ભગવાને માણસને બધી જ સુખસગવડ સાથે સર્જ્યા છે. માણસને સર્જીને તેમને આશીર્વાદ આપતાં ભગવાને કહ્યું, "સંતતિ પેદા કરો, વંશવેલો વધારો, પૃથ્વીને ભરી દો અને તેને તાબે કરો... જુઓ, મેં તમને પૃથ્વીના પડ ઉપર બધા અનાજ પેદા કરનારા છોડવા અને દરેક જાતનાં બી વાળાં ફળનાં ઝાડ આપ્યાં છે, એ તમારે ખાવા ચાલશે." અને છેલ્લે માણસ ભગવાનનું સર્વશ્રેષ્ઠ સર્જન છે.

પણ માણસ ભગવાનનાં કહ્યામાં રહ્યો નથી. એને ભગવાન થવાનો મોહ થયો અને માણસે ભગવાન વિરુદ્ધ પાપ કર્યું. પરિણામે પોતાને મળેલું સુખ સૌભાગ્ય તે ખોઈ બેઠો. માણસના પતનની આ વાત બાઈબલ ખૂબ આકર્ષક રીતે આપણને સમજાવે છે.

"પ્રભુ પરમેશ્વરે માણસને લઈને તેને એદનના બગીચાને ખેડવા અને સંભાળવા માટે તેમાં મૂક્યો. તેણે તેને એવી આજ્ઞા કરી કે, તારે બગીચામાંનાં બધાં ઝાડનાં ફળ છૂટથી ખાવા, પણ સારાસારના જ્ઞાનના વૃક્ષનાં ફળ તારે ખાવા નહિ, કારણ જે દિવસે તું ફળ ખાશે તે દિવસે તારું મોત નિશ્ચિત માનજે."

પણ માણસને લાગ્યું કે સારાસારનું જ્ઞાન ધરાવતા વૃક્ષનાં ફળ ન ખાવાથી વાત બરાબર નથી. તેણે જોયું કે એદન વાડીના વચ્ચોવચના ઝાડનાં ફળ ખાશે તો તે પોતે ભગવાન જેવો બની જશે અને સારાસારનું જ્ઞાન પ્રાપ્ત કરી લેશે. આ પ્રલોભનથી કે બાઈબલમાં સાપનું પ્રતીક લઈને કરેલી કસોટીની વાતમાંથી માણસ લોભાયો.

બાઈબલનાં શબ્દોમાં કહીએ તો, "સ્ત્રીને ખબર પડી કે એ ઝાડનાં ફળ ખાવામાં સારાં છે, દેખાવમાં સુંદર છે અને જ્ઞાન કરાવનાર હોઈ લોભામણાં છે. એટલે તેણે ઝાડનું ફળ લઈને ખાધું, અને પોતાની પાસે ઊભેલા પતિને પણ આપ્યું, અને તેણે પણ તે ખાધું. પછી બંનેની આંખ ઊઘડી ગઈ અને તેમને ખબર પડી કે પોતે નવસ્ત્રાં છે." ભગવાન સામે આ રીતે પાપ કરવાથી ભગવાન સાથેના માણસના સંબંધમાં ભંગ પડયો. ફરી બાઈબલના શબ્દોમાં કહીએ તો, આદમ અને હાવા પરમેશ્વરની નજર આગળથી વાડીનાં ઝાડમાં છુપાઈ ગયાં. ભગવાન અને માણસ વચ્ચેનો નિખાલસ સંબંધ હવે રહ્યો નથી.

ભગવાને માણસને અને તેની પત્નીને એદન બગીચામાંથી કાઢી મૂક્યાં. તેણે સ્ત્રીને ક્યું. "પ્રસુતિ વખતે તારે ભારે વેદના વેઠવી પડે એમ હું કરીશ. છોકરાંને જન્મ આપતાં તને પુષ્યકળ વેદના થશે. છતાં તું તારા પતિનો સંગ ઈચ્છયા કરીશ, અને તે તારા ઉપર ધણીપણું ચલાવશે." માણસને તેણે કહ્યું, "જે ઝાડનાં ફળ ખાવાની મેં તને હા પાડી હતી. તેનાં ફળ તે તારી વહુની વાત માનીને ખાધાં એટલે તારે લીધી આ ધરતી શાપિત બની છ્. જિંદગીભર મહેનત કરીશ એમાંથી તું ખાવા પામીશ. એમાં કાંટા અને ઝાંખરા ઊગશે, અને તારે જંગલી છોડવા ખાઈને પેટ ભરવું પડશે. તું ધરતીમાંથી પેદા થયો છે. એટલે પાછો ધરતીમાં મળી જાય ત્યાં સુધી તારે માથાનો પસીનો ઉતારીને રોટલો ખાવો પડશે. તું માટીનો બનેલો છે ને પાછો માટીમાં મળી જવાનો છે."

પણ બાઈબલ નોંધે છે તેમ, આદમે પોતાની પત્ની હાવી સાથે સમાગમ કર્યો અને તે ગર્ભવતી થઈ, અને તેણે કાઈનને જન્મ આપ્યો. ત્યાર બાદ તેણે તેના ભાઈ હાબેલને જન્મ આપ્યો. ઘણા વર્ષો પછી હાવા અને આદમને ત્રીજો પુત્ર સેથ અને બીજાં પુત્રપુત્રી પણ થયાં.

બાઈબલનાં ઉત્પત્તિ ગ્રંથમાં આવતી માણસના સર્જનની વાત માણસના અસ્તિત્વ વિશેનો વૈજ્ઞાનિક ખુલાસો નથી કે નથી માણસના આરંભની ઐતિહાસિક વાત. છતાં માણસના સર્જન જેવી બાઈબલની એકેક વાતને શબ્દશઃ સાચી માનનાર ધર્માંધ લોકો જોવા મળશે. પરંતુ માણસના સર્જનની કથાને શબ્દશઃ સાચી માનવા કોઈ માણસ બંધાયેલો નથી. આજે અનેક ખ્રિસ્તી લોકો માણસના અસ્તિત્વના આરંભ વિશે વિભિન્ન મતો ધરાવે છે.

બાઈબલના પંડિતો જ નહિ પણ મોટા ભાગના લોકો પણ માને છે કે ઉત્પત્તિ ગ્રંથમાં આવતી માણસના સર્જનની વાત ખરેખર એક બોધકથા છે. જૂના જમાનામાં ઊંડા સત્યને કે ગહન વાત સમજાવવા માટે આપણા પૂર્વજો દંતકથાઓનો આશરો લેતા. આપણે આ દંતકથાના હાર્દ કે સંદેશને સમજવાના હોય છે. આપણે એની એકેક વાતને શબ્દશઃ લેવાની ભૂલ કરવી ન જોઈએ.

આત્મસ્વરૂપ ભગવાનને માણસની જેમ હાથ હોય જ નહિ કે તે કુંભારની જેમ માણસને માટીમાંથી ઘડવા માંડે. સાપ જેવા પ્રાણીઓ ફક્ત પરીકથાઓમાં જ બોલે, ઉત્ક્રાન્તિ કે પરિવર્તનવાદમાં માનનાર લોકો પણ આજે સ્વીકારે છે કે, પ્રાણીએના અબજો વર્ષ દરમિયાન થઈ રહેલા પરિવર્તનના અમુક ચોક્કસ તબક્કામાં ભગવાને આદિ માનવને સ્ત્રી અને પુરુષ તરીકે પોતાની પ્રતિમૂર્તિ સમાં સર્જ્યાં હશે.

માણસના સર્જનની સમગ્ર વાતમાં સૌથી અગત્યની બાબત એમાં આપેલી નાનીમોટી વિગતો નથી, પણ એમાં સમાયેલો બોધ છે. એને બોધ એ છે કે, ભગવાન સર્વ સૃષ્ટિનો સર્જનહાર છે. માણસ સહિતનું ભગવાનનું સમગ્ર સર્જન શ્રેષ્ઠ છે. બાઈબલ પુનઃ ને પુનઃ કહે ઠે કે, “અને ઈશ્વરને પોતે બનાવેલું બધું સારું જ લાગ્યું,” ભગવાને બધું  જ સારું બનાવ્યું છે.

દુનિયામાં જે કંઈ ખોટું છે જે કંઈ અનિષ્ટ છે, તે માટે ભગવાનને દોષ દેવાય નહિ. દુનિયામાં જે કાંઈ ખોટું છે એનું કારણ ભગવાન નથી પણ માણસે કરેલું પાપ છે. જે પ્રેમથી ભગવાને માણસનું સર્જન કર્યું છે તે ઊંડા પ્રેમને આદમે અને હાવાએ લાત મારી છે. માણસે ભગવાનનું સર્જન બની રહેવાનો ઈન્કાર કર્યો. આદમ અને હાવાને ભગવાનની જેમ દેવ-દેવ બનવાનો મોહ જાગ્યો. ભગવાનથી બિલકુલ સ્વતંત્ર બની જવા આદમ અને હાવા લલચયાં. આ જ છે સર્વ માણસોનાં માતાપિતા – આદિમાનવનું મૂળ પાપ.

બાઈબલમાં આ બોધકથા વાંચતાં આપણે આદમ અને હાવાના માથા ઉપર દોષનો ટોપલો નાખી દઈએ છીએ. બંને આદિમાનવો કેટલાં મૂરખાં છે. ! એમણે ભગવાન સામે બંડ પોકાર્યું અને આપણને બધાં એનું પરિણામ ભોગવવાનો વારો આવ્યો. પણ આદમ અને હાવાની સર્જન અને પાપની વાત કેવળ આદમ અને હાવાની વાત નથી. પણ એ વાત દરેક માણસની વાત છે. ભગવાન આદમે અને હાવાની જેમ દરેક માણસને – તમને અને મને ઊંડા પ્રેમથી સર્જ્યાં છે.

માનવ પરિસ્થિતિને સમજવા માટે સર્જનની તેમજ આદમ અને હાવાની આ વાત આપણા માટે એક ઉત્તમ દ્રષ્ટાંત છે, બોધકથા છે.